| Volume 5
| Issue 1 (compiled)
| March 2023

MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

# નારી સંવેદના અને નારીવાદ : 'સાત પગલાં આકાશમાં' – એક અભ્યાસ

**Abedaben M. Dhandhariya***

*Maktabah Jafariyah knowledge & Research Academy, Sedrana.**

**પૂર્વભૂમિકા :**

"સાત પગલાં આકાશમાં" સંશોધનપત્ર નારીવાદની વિચારધારા પ્રસ્તુત કરે  છે. અહીં, આપણી સમક્ષ સમાજના બે જુદા-જુદા ચિત્રોનું આલેખન કરવામાં આવ્યું. વસુધાનું પાત્ર દરેક સ્ત્રીની મનોવ્યથા બતાવે છે. શું સમાજમાં સ્ત્રી ખરેખર આઝાદી મેળવી શકે છે? આ એક સવાલ સદીઓંથી ઉઠાવવામાં આવ્યો છે. જેને નવલકથામાં સમર્થન આપવામાં  આવેલ છે. સાત પગલાં આકાશમાં એ સ્ત્રી સમાનતા વિશેની દલીલને રજુ કરે છે અને પુરુષપ્રધાન સમાજમાં પુરુષનો આનંદ સ્ત્રીની સંવેદના પર પ્રાધાન્ય આપે છે તે દલીલને રજુ કરે છે. આ અભ્યાસમાં વસુધાના પાત્ર દ્વારા સમાજમાં રહેલ સ્ત્રીઓ વિશેના સામાજિક મૂલ્યોનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. આ નવલકથા એક જીવનનું સંવેદનશીલ પાસા જેમ કે સ્ત્રી વગર કુટુંબનું અસ્તિત્વ શક્ય છે ખરું? જો નહિ તો શા માટે ? સ્ત્રીઓને ગૌણ ગણવામાં આવે છે. આ અભ્યાસ સમાજમાં રહેલ નારીની સમસ્યાઓને આકાર આપી આપણા સમક્ષ રજુ કરે છે.

**ચાવીરૂપ શબ્દો :-** નારીવાદ, મનોવ્યથા, આક્રમકતા, અસમાનતા.

**પ્રસ્તાવના :-**

"સાત પગલાં આકાશમાં" એ ગુજરાતી નવલકથામાં આગવું મહત્વ ધરાવે છે. આ નવલકથાના વિષયવસ્તુમાં આપણને નારીવાદની વિચારધારા જોવા મળે છે. વસુધાના પાત્ર દ્વારા નારીની સંવેદના ઉપર પ્રકાશ ફેકવામાં આવ્યો છે. વસુધાનું પાત્ર જાણે ઘર ઘર માં જોવા મળતું નારીનું પાત્ર છે. આ નવલકથા સમાજનું દર્પણ છે. જેમાં સમાજમાં રહેલી હકીકત આપણી સમક્ષ રજુ કરવામાં આવી છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં જેને છ-છ પારિતોષિક મળ્યા હોય તેવી આ પ્રથમ નવલકથા 'સાત પગલાં આકાશમાં'  દરેક નારીના મનને સ્પર્શી જાય તેવી છે. આ નવલકથા ઉપર અનેક જાહેર ચર્ચાઓ કરવામાં આવી છે. આ નવલકથા સાથે વાચકોની  એકાત્મકતાના લીધે ટુંકાગાળામાં ઘણી નકલોનું વેચાણ થયેલ છે. આ ગુજરાતી સાહિત્યની ક્રાંતિકારી નવલકથા સાબિત થઇ છે. જેમાં આપણને વિચાર, પરિવર્તન અને મુલ્ય પરિવર્તનની ભૂમિકાના દર્શન થાય છે. કથાની વાસ્તવિકતાનું સમર્થન આપણને અનેક પત્રો, ટેલીફોન અને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા મળેલ પ્રતિભાવો જોવા મળે છે. 'સાત પગલાં આકાશમાં' એક સ્ત્રી મુક્તિને સમર્થન આપતી નવલકથા છે.

કુન્દનિકા કાપડિયા એક ઉત્તમ વાર્તાકાર, નવલકથાકાર, અનુવાદક અને સપાંદક છે. તેઓ પોતાની નવલકથા 'સાત પગલાં આકાશમાં' ને લીધે સ્ત્રી વર્ગમાં વધારે ચર્ચિત બન્યા છે. તેઓ નો જન્મ 11/10/1927 ના રોજસુરેન્દ્રનગર જિલ્લાના લીબડી ગામમાં થયો

હતો. તેમના પિતાનું નામ નરોત્તમદાસ કાપડિયા હતું. તેમની માતાનું નામ રંભાબેન હતું. તેઓ પાંચ વર્ષની વયે ગોધરામાં સ્થાયી થયા હતા. તેમની આસપાસના પ્રાકૃતિક વાતાવરણની અસર તેમના ઉપર જોવા મળે છે. તેઓ બહુ નાની વયથી વાંચવાના શોખીન હતા. પ્રાથમિક શિક્ષણ ગોધરામાંથી લીધેલ હતું. તેમણે ગ્રેજ્યુએશન 1948 માં રાજકારણ અને ઇતિહાસ ના વિષય સાથે ભાવનગરથી પૂર્ણ કર્યું. એકાતપ્રેમી અને લખવાના શોખીન હતા. તેઓ 1955 થી 1957 સુધી યાત્રિક અને 1962 થી 1980 સુધી નવનીતની સામાયિકના સંપાદક તરીકે કામ કર્યું હતું તેમણે પ્રથમ લખવાનું શરૂઆત "પ્રેમના આંસુ", "નામની ટુંકી વાર્તા સાથે કરી હતી. તેઓને સર્જનકાર્યની પ્રેરણા ધૂમકેતુ, શરદ બાબુ, ટાગોર, શેક્સપીયર, અનેઇબસેનથી મળેલી હતી. તેઓના સાહિત્યમાં "વધુ ને વધુ સુંદર", "કાગળની હોડી", "જવા દઈશું તમને", "પરોઢ થતા પહેલાં" અગન, પિયાસા, "સાત પગલાં આકાશમાં" નવલકથામાં સમાવેશ થાય છે. તેમને 1985 માં સાહિત્ય અકાદમી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**સાત પગલાં આકાશમાં નવલકથા ના હેતુઓ:-**

આ સંશોધન સમાજમાં રહેલી સ્ત્રી પુરુષ વચ્ચેની અસમાનતા પર પ્રકાશ પાડે છે.

- સ્ત્રી-પુરુષ, સ્ત્રીઓ-સ્ત્રીઓ વચ્ચે રહેલી અસમાનતા પર પ્રકાશ ફેંકે છે.
- નારીવાદી વિચારધારા ઉપર પ્રકાશ ફેકવામાં આવે છે. વસુધાના પાત્રો દ્વારા નારીની હકીકતથી આપણને માહિતગાર કરવામાં આવે છે.
- સમાજમાં સ્ત્રીઓ વિશેના વલણોથી માહિતગાર થવા મળે છે.
- સ્ત્રીઓ માટે આઝાદી શું છે? સ્ત્રીઓને ન્યાય કેવી રીતે મળી શકે? સ્ત્રીઓનું અસ્તિત્વ શું? સ્ત્રીઓને રોલ શું? એવા તો અનેક પ્રશ્નો આપણને આવા નવલકથામાં રંગાયેલા જોવા મળે છે.

**નારીવાદ :-**

નારીવાદ એક દરેક સમાજમાં સ્ત્રીઓની સમાજિક, આર્થિક અને રાજનૈતિક સમસ્યાઓ પર ચર્ચા કરવા અને તેને સુધારવાની માંગ કરવાનો આંદોલન છે. નારીવાદમાં સ્ત્રીઓને સમાન અધિકારો અને સમાન સંભાવનાઓ પ્રગટ થાય છે. જે સમાજને સ્થિર અને સમાનતાને પ્રાપ્ત કરવાની મદદ કરે છે.

નારીવાદ સ્ત્રીઓને શક્તિશાળી બનાવવા અને તેમની સમસ્યાઓને સમાધાન માટે લડતી હતી. જેથી સમાજમાં સ્ત્રીઓ સન્માન વધી ગયુ છે. આજ સ્ત્રીઓ બધા ક્ષેત્રોમાં કામ કરી રહી છે અને તેમની સામાજિક પ્રગતિ પૂરી થઈ રહી છે.

નારીવાદના અંતર્ગત સ્ત્રીઓને કામગીરી પૂર્વ પારંપરિક પદ્ધતિઓથી મુકત કરવાની માંગ કરી જાય છે, જેથી સ્ત્રીઓ કામગીરી માટે પુરૂષો સાથે સમાધાન શોધી શકે અને સ્વતંત્ર પસંદગી કરી શકે. એવું પર જુદા જુદા સમાજ માં જોવા મળે છે. જેમાં ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યો સમાવિષ્ટ છે. આજના સમયમાં નારીવાદ કેવળ સ્ત્રીઓના હકોને સમાધાન કરવા જ નથી પરંતુ સ્ત્રીઓને તેના સંબંધિત સમસ્યાઓની પરવાનગી આપવા માટે સમાજને જાગૃત કરવાનું કામ કરે છે. સ્ત્રીઓને સમાન હકો અને સંપૂર્ણ સમાધાન મળે તેની માટે આવશ્યક છે જેથી તેઓ સમાજનો ભાગ થઈ શકે અને સ્વતંત્ર પસંદગી કરી શકે. આ પ્રયાસો થોડા કઠોર હોય છે કારણકે સમાજમાં જુદા જુદા સ્થાનો પર સ્ત્રીઓને સમાન હકો મળતા નથી અને કેટલાક સ્થાનો પર તેઓને બેજાર કરી દેવામાં આવે છે. નારીવાદ અને સ્ત્રી હકોની સમસ્યાઓ વિશેની જાણકારી પ્રસ્તુત કરવા મળે છે. આજના સમયમાં સ્ત્રીઓની સ્થિતિઓ, હકોની પરિસ્થિતિઓ અને સમસ્યાઓ વિવિધ માધ્યમો દ્વારા સારી રીતે પ્રસાર કરવામાં આવી છે.

**"સાત પગલાં આકાશમાં" નારીવાદ :-**

*"દુનિયામાં બધા અસમાન છે*
*પણ સ્ત્રીઓ વધુ અસમાન છે."*

"સાત પગલા આકાશમાં" નવલકથા પ્રકાશિત થવાની સાથે ગુજરાતી સાહિત્યમાં નારીવાદની શરૂઆત થઈ

ગઈ હતી. એવું કહેવાય છે કે આ નવલકથા સ્ત્રી-પુરુષ બંનેને સમાન રીતે પસંદ આવી કેમકે તેમાં બંનેના અસ્તિત્વની વાત કરવામાં આવી છે.

આ નવલકથામાં વ્યોમેશ અને વસુધાના પાત્રો દ્વારા સમાજમાં જોવા મળતા લગ્નજીવન વિશેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કુન્દનિકા કાપડિયા પોતાની નવલકથામાં સમાજમાં રહેલ સ્ત્રીના વાસ્તવિક રૂપને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. દરેક લેખકના જીવનમાં અમુક એવા પ્રસંગો પણ આવે છે, જ્યારે સાહિત્ય એક શસ્ત્ર સમાન નીવડે છે. વિરોધનો વિદ્રોહ અસમાનતાનો સુર પ્રગટ કરતી નવલકથા 'સાત પગલાં આકાશમાં' નારી જીવનનું હુબહુ ચિત્ર પ્રસ્તુત કરે છે.

આ નવલકથામાં વસુધાના પાત્ર દ્વારા સ્ત્રીઓના જીવનનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વસુધા લગ્નના આગલા દિવસે તે અગાસી ઉપર જઈને ઉડતા પંખીઓને જુવે છે. તે અહીંયા દરેક સ્ત્રીના મનમાં ઉડાણમાં રહેલ આઝાદીની ઈચ્છા ને રજુ કરે છે. વસુધા પણ આ પંખીઓની માફક આકાશમાં ઉડવા માંગે છે. 'આકાશ' એ અહીંયા આઝાદીના પ્રતીક સમાન છે. વસુધા પોતાના લગ્નજીવનમાં હંમેશા અસમાનતા અનુભવે છે. તે પોતાના જીવનના લગભગ 32 વર્ષ પોતાના પતિ અને બાળકો માટે સમર્પિત કરે છે. તે હંમેશા પોતાના લગ્નજીવનમાં અસમાનતા અનુભવે છે.

સાત પગલાં આકાશમાં નવલકથામાં રહેલ અન્ય પાત્રો જેવા કે ફૈબા, જયાબેન, આશા, લીના અને રંજના સ્ત્રીઓના અલગ અલગ સ્વભાવોને નિરૂપે છે. અલગ અલગ નારી પાત્રો દ્વારા લેખકે નારીવાદ વિશેના વિચારોમાં અણગમતા બતાવી છે.નવલકથાની શરૂઆતમાં જ આપણને નારીવાદી પ્રશ્નોની રજૂઆત મળે છે. વસુધાના નારીની જીવન જીવવાની રીત વિશે પૂછે છે કે, "તમે શું કહો છો ? માણસ પોતાની રીતે જીવવા માંગે તો તે જિંદગી જીવી શકશે ખરો ! અને ખાસ કરીને સ્ત્રી?"

વસુધા અને વ્યોમેશ વચ્ચે ની દલીલ, ફૈબાના મૃત્યુ વિશેની વાતચીત આપણને વસુધાના અંતરાત્માની વ્યથા જણાવે છે. મહેમાનો અને પાર્ટીની મોજમાં વ્યસ્ત વ્યોમેશ પોતે ફૈબા ગુજરી જવાની વાત પણ છુપાવે છે. તેની માતાને મૃત્યુ પછી જેને સૌથી વધારે સંભાળ લીધી હતી. તે વ્યક્તિના મૃત્યુથી પણ વ્યોમેશને કોઈ અસર થતી નથી. વસુધાને સૌથી પહેલા અહીંયાથી જ મનમાં આંધી ઊઠે છે. તે પોતાને સવાલ કરે છે કે જો તે ફૈબાની જગ્યાએ હોત તો ? તો શું એ વખતે પણ વ્યોમેશ વસુધા સાથે આવું વર્તન કરત ? જ્યારે વસુધા ના લગ્ન થવાના હતા ત્યારે વસુધાની માતા તેને હંમેશા એકજ શિખામણ આપતી હતી કે તારે સાસરીમાં વ્યોમેશ અને ફૈબાને ખુશ રાખવાના ત્યારે વસુધાના મનમાં હંમેશા એક જ પ્રશ્ન થતો હતો કે શા માટે હંમેશા સ્ત્રીએ જ બીજાને ખુશ કરવાના ? શું પુરુષ સ્ત્રીને ખુશ રાખવા માટે કંઈ ના કરી શકે ?

હંમેશા આપણે એમ માનીએ છીએ કે સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચે અસમાનતા છે પણ એક એવું નથી. આપણા સમાજમાં ખાસ કરીને લગ્ન જીવનમાં સ્ત્રી-સ્ત્રી વચ્ચે ઘણી અસમાનતા જોવા મળે છે. વડીલ સ્ત્રી કે સાસુ હંમેશા વહુ ને દબાવવાની કોશિશ કરી છે. જેમ કે ફૈબા હંમેશા વસુધા મશીન છે એવું સમજીને તેવું વર્તન કરતાં. ફૈબા તેને ઘડીવાર પણ બેસવા દેતા નહી. એક સ્ત્રી વહુ હોય એટલે શું તેને થાક લાગતો જ નહી હોય એમ માનીને ચલાવાનું ? તે વડીલ હતા તે બરાબર ! કામકાજની સુઝ તેમને વધારે હોય તે પણ કબૂલ, પણ તેથી બીજા માણસ પણ આમ ફરમાનો છોડવાડની આ શી ઘેલછા ? વસુધા ચાદર મેલી થઈ ગઈ છે, ધોવા નાખી દેજે... ભીંડા ભીના કપડાથી લૂછી ને પછી સમારજે... તુવેરના દાણા ફોલતાં ધ્યાન રાખજે, કોઈ સડેલા ન હોય..."

સ્ત્રીઓના જીવનને લગતા અનેક પ્રશ્નો ઉપર કુન્દનિકા કાપડિયાએ વસુધાના ચરિત્ર દ્વારા ઘણા સવાલો ઉઠાવ્યા છે, જેમ કે વસુધા પોતે લગ્ન કરીને આવી ત્યારે તે પોતાની સાથે પુસ્તકો સાથે લઈને આવી હતી, પણ તેને ક્યારેય આ પુસ્તકોને વાંચવાનો સમય મળ્યો નહતો. તેને હંમેશા એમ થતું હતું કે સ્ત્રીઓને શા માટે ફક્ત કપડા અને ઘરેણા આપવામાં આવે છે ? શા માટે

તેને જ્ઞાન એટલે કે પુસ્તકો નથી આપવામાં આવતા, તેને એવું લાગતું હતું કે ઘરેણા અને કપડાને સંબંધ ફક્ત શરીરથી જ છે. જ્યારે પુસ્તકોનો સંબંધ તો હૃદય સાથે છે. ફૈબા તેને વારંવાર નાના-નાના હિસાબ માટે ટકોરતા હતા. જ્યારે તે વ્યોમેશને કાંઈ પણ કહેતા ન હતા. આ આપણા સમાજમાં રહેલી સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા બતાવે છે. નારીને હંમેશા પુરુષ કરતાં વધારે બલિદાન આપવાનું શીખવવામાં આવે છે. ઘણીવાર સ્ત્રીઓ લગ્ન પછી પોતાને કંઈ વસ્તુની પસંદ હતી અને કઈ નહી તે પણ ભૂલી જાય છે. અને જો યાદ હોય તો પણ તે તેવું કરી શકતી નથી. જેમ કે વસુધા ને ચા માં મલાઈ નાખીને પીવાની આદત હતી. તે એક દિવસ મલાઈ નાખીને ચા પીવા જાય છે પણ ફૈબા તેને ટકોરે છે. જો તે ગીત પણ ગુનગુનાવે તો પણ તેને ટકોરવામાં આવે છે. આમ સ્ત્રીને પોતાના મનની કરવાની તક બહુ ઓછી મળે છે.

સ્ત્રીના જીવનના અલગ અલગ તબક્કાઓ વખતે તેમના વિચારોની વરમાળાને પ્રસ્તુત કરવામાં આવ્યા છે. જ્યારે સ્ત્રી પત્નીમાંથી માતા બનવા જાય છે ત્યારે સમાજમાં રહેલી બીજી સ્ત્રીઓના વર્તનો પણ બદલાય છે. જેમ કે માતા બનવા જતી સ્ત્રીઓને શરીરને જોઈને અનેક પૂર્વ ધારણાઓ કરવામાં આવે છે. શરીરના આકાર, સ્ત્રીના વ્યવહાર અને તેના વર્તનના બદલાવથી પણ તેને દિકરો આવશે કે દીકરી તેના વિશે અનેક ધારણાઓ બાંધવામાં આવે છે. પુત્ર જન્મે તો જાણે જીવતે જ સ્વર્ગ ધારવામાં આવે છે.

વસુધાના પાત્રમાં આપણને એક માતાની સંવેદના જોવા મળે છે. હર્ષ, આશેષ અને દીપંકરના જન્મ વખતે અસહ્ય પીડાથી લઈને તેને મોટા કરવા સુધીના સફરમાં એમનું કોઈ હમસફર બનતું નથી. ફૈબા જેવા રૂઢીચુસ્ત વિચારો ધરાવતી સ્ત્રીઓ અને વસુધા જેવી નારીવાદના વિચાર ધરાવતી સ્ત્રીઓની વિચાર શૈલી આપણી સામે પ્રસ્તુત કરવામાં આવી છે. એક બાજુ રૂઢીચુસ્ત વિચારધારા ધરાવતા ફૈબા જેવા લોકો માને છે કે બાળકો મોટા થઈને પોતાના પિતાના વારસાને આગળ વધારે છે. બાળકોના નામની પાછળ ફક્ત તેના પિતાનું નામ લખવામાં આવે છે. જ્યારે કોઈ બીજી બાજુ નારીવાદી વિચારધારા ધરાવતી સ્ત્રી તરીકે વસુધા એવું માને છે કે બાળકોના ઉછેરમાં સ્ત્રીઓ પોતાનું અડધું જીવન વ્યતિત કરી દે છે તો પણ તેમને કોઈ જાતનું વળતર મળતું નથી. તેમના વારસામાં, તેમના વંશમાં અને તેમની ઓળખાણમાં માતાનું નામ કે ઓળખાણનો શુમાર કરવામાં આવતું નથી. આવી અસમાનતાવાળા સમાજની વસુધા આપણને રૂબરુ કરાવે છે.

*"આપણું જીવન એટલે નારી લાચારીનું પોટલું નહિ?"* આ એક પાત્ર રંજના મનની કથા રજુ કરતું વાક્ય છે રંજના પોતાની લાચારી વસુધા આગળ પ્રસ્તુત કરે છે. તે ફક્ત 500 રૂપિયા માટે લાચારી રજૂ કરે છે તેનો પતિ દિપક રંજનાના ભેગા કરેલા 500 રૂપિયા એક કામવાળી ને આપી દે છે આ પ્રસંગ થી વસુધા ને એવું લાગે છે કે તે અને તેના જેવી ઘણી સ્ત્રીઓ સમાજમાં પુરુષ પ્રધાન સમાજનો શિકાર બની જાય છે. પુરુષો તેમને ફક્ત શારીરિક વસ્તુ માટે તેનો ઉપયોગ કરતા હોય છે.

સતીશ અને વાસંતિ પાત્રો દ્વારા પણ આપણને સમાજમાં રહેલ સ્ત્રી-પુરુષની અસમાનતા વિશેની ઝલક જોવા મળે છે. વાસંતિ પોતાની ઓળખ સંગીતમાં બનાવવા માગે છે, પણ સતીશ હંમેશા રોકી લે છે. મનુષ્ય મનુષ્ય વચ્ચે, સ્ત્રી અને પુરુષ વચ્ચે, એવો સંબંધ શક્ય છે ખરો જેનો આધાર પૃથ્વી હોય, જેનો વિસ્તાર આકાશમાં હોય, આવા તો અનેક પ્રશ્નો નારીવાદી વિચારો આપણને સમજાવે છે.અનેક સ્ત્રી પાત્રો જેવા કે બેલા અમલાની, વન્યાની અને અનિતાની બોલવાની રીત તેમની ભૂલ કાઢવાની આવડત વ્યક્ત કરવાની આવડત આપણને નારીવાદી વિચારધારા ની યાદ અપાવી છે.

બેલા ના પાત્રોમાં પણ આપણને નારીવાદી વિચારધારા જોવા મળે છે. તેને નૃત્ય કરવું બહુ ગમતું પણ તે ઘરકામોમાંથી સમય કાઢી શકતી ન હતી, તે નારીવાદી માનતી હતી કે શા માટે પુરુષો ઘરકામમાં મદદ ન કરી શકે ? સાત પગલાં આકાશ નવલકથામાં સ્ત્રીઓ એ કરેલ મોરચા આપણને અનેક નારીવાદી વિચારધારાના દર્શન થાય છે. વસુધા પોતાનું ઘર પોતાનો પતિ અને

બાળકોને છોડીને પોતાના રીતે જીવવા માટે નીકળી પડે છે. લગ્ન વખતે જે સાત પગલાં તેના બંધનનું કારણ બન્યા હતા, હવે તેણે તે જ સાત પગલાં આકાશમાં મૂકવાનું નક્કી કર્યું.

વસુધાની આઝાદી તેને મન આકાશમાં ઉડવાની હતી એક પંખીની માફક. નવલકથામાં સ્ત્રીઓ દ્વારા પુરુષ પ્રધાન સમાજ સામે સમાજમાં રહેલા દુષ્કર્મીઓ સામે આક્રમક વિરોધ ઉઠાવવામાં આવ્યો છે. આ વિરોધ એટલો આક્રમક બને છે કે લગભગ તેમાં સમાજની મોટાભાગની સ્ત્રીઓ ભાગ લે છે. વસુધાને મિત્રના મોતનું દુઃખ હતું તો પણ તેને ખુશી થાય છે કેતે એક સ્ત્રી તરીકે બીજી સ્ત્રીનેન્યાય અપાવી શકી. વસુધા તેમજ અન્ય સ્ત્રીઓ દ્વારા પુરુષોના વર્તન સામે પહેલો બળવો હતો. નવલકથાના અંતમાં વસુધા શારીરિક રીતે ઘવાયેલ છે પણ મન અને હૃદય આજે ખરી રીતે સ્વસ્થ છે. વસુધાના નારીવાદી વિચારો આપણે સમાજમાં રહેલ અસમાનતા તેમાં પણ મુખ્યત્વે સ્ત્રી પુરુષ વચ્ચેના તફાવત વિશે વિચાર કરવા પણ મજબૂર કરે છે.

**સારાંશ :-**

આમ સાત પગલાં આકાશમાં નવલકથા એ ભારતીય સમાજની કડવી વાસ્તવિકતાને બતાવે છે. સમાજમાં અમુક વર્ગમાં ફક્ત સ્ત્રી-પુરુષ વચ્ચે નહીં પરંતુ સ્ત્રીઓ-સ્ત્રીઓ વચ્ચે પણ તફાવત જોવા મળે છે. એક સ્ત્રી થી બીજી સ્ત્રી વચ્ચે ના વિચારમાં તફાવત ભલે સમાજની હકીકત બતાવે છે, પણ દરેક સ્ત્રીના અસ્તિત્વમાં લગ્નજીવનથી થયેલ બદલાવ દરેક વાર્તાનું સામ્ય છે. ૧૯ મી સદી પછી ભારતમાં આપણે નારીવાદ એટલે કે સ્ત્રીઓ પોતાના હકો અને અધિકારો વિશે સભાન બની છે. આ નવલકથાનો અભ્યાસ તેની સાક્ષી પૂરી પાડે છે. નારીવાદ એ એક આધુનિક વિચારધારા છે. જે પ્રાચીન ભારતમાં આપણને જોવા મળતી નહોતી. પહેલા સ્ત્રીઓ હંમેશા પતિ, પિતા કે કોઈ પુરુષ ઉપર આધીન હતી પરંતુ વસાહતવાદ (colonialism) પછી આપણને નારીવાદ વિચારધારા જોવા મળે છે. વસુધા તેમ જ વસુધા જેવી અન્ય સ્ત્રીઓનો અભ્યાસ કરતાં આપણને જાણવા મળે છે કે કુન્દનિકા કાપડિયાએ આપણી સમક્ષ બદલાવ અને સામાજિક મૂલ્યોમાં પરિવર્તન ઉપર પ્રકાશ ફેક્યો છે. નારી સંવેદનાથી નારી દ્વારા કરવામાં આવેલ ક્રાંતિ અહીંયા ભલે આપણને કાલ્પનિક વાર્તા દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હોય પરંતુ એ સમાજની નહિ, વાસ્તવિકતાને સમર્થન આપે છે. આમ આ અભ્યાસ સમાજમાં રહેલ નારીની દશા અને નારીવાદના વિચારોથી બદલાયેલ નારીની દિશાને પ્રસ્તુત કરે છે.

**સંદર્ભ ગ્રંથો:-**

1. “સાતપગલાં આકાશમાં” નવલકથા, કુન્દનિકા કાપડિયા
2. અરવિંદ આર શાહ અને રમણીક ચુડાસમા, વિચારસરણી અને પરિવર્તન, બી.એસ.શાહ, અમદાવાદ,૧૯૬૭
3. રાધેશ્યામ ગુપ્તા, મહિલા ઔર કાનૂન, ઈશીકા પબ્લીસીંગ હાઉસ, જયપુર, ૨૦૧૦
4. ડૉ. રંજના હરીશનો લેખ, નારીવાદની સ્પષ્ટ વિભાવના, ગુર્જર પ્રકાશન, અમદાવાદ.
5. Trivedi, Urmila, and Rameshchandra Mehta. "અનુઆધુનિક નવલકથા ‘બત્રીસ પુતળીની વેદના’માં નારીવાદી ચેતના." Towards Excellence 14.3 (2022)
6. http://www.sahityasetu.co.in/issue12/hetalthakkarandnrs.html